અપીલ અરજી નં.૫૩/૦૮–૦૯ તા. ૯–૬–૦૮

અરજદારઃ શ્રી ભગવાન બી. પોકળે
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગવાન બી. પોકળેની તા.૧૦–૪–૦૮ ની અરજીથી ભેસ્તાન ખાતે આવેલ પ્રગતિ સોસાયટીમાં નળ જોડાણ કાપવા અને સીઓપી છોડવા અને મકાન ગુણવત્તા પ્રમાણપત્ર અંગે માંગવામાં આવેલ માહિતી બાબત.

સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૯–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૩/૦૮–૦૯

શ્રી ભગવાન બી. પોકળેની તા.૧૦–૪–૦૮ ની અરજીથી ભેસ્તાન ખાતે આવેલ પ્રગતિ સોસાયટીમાં નળ જોડાણ કાપવા અને સીઓપી છોડવા બાબતે અને મકાન ગુણવત્તા પ્રમાણપત્ર અંગે માંગવામાં આવેલ માહિતીના અનુસંધાને પત્ર નં.સાઉથઝોન/ટેક./આ.નં.૧૪૭૬ તા.૨૧–૫–૦૮ થી આપેલ માહિતી અપૂરતી હોવાનું જણાવી ડે.કમિશ્નર (જનરલ) અને એપેલેટ ઓફિસરને તા.૯–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા આંશિક ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૭ તા.૧૧–૬–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પૂરક માહિતી નહીં મળતા આરટીઆઈ સેલ/૨૮૯ તા.૮–૭–૦૮ ના રોજ યાદપત્ર પાઠવવામાં આવેલ. સબબ સંદર્ભે આ.નં.૩૦૨૩ તા.૮–૭–૦૮ ના રોજ પૂરક માહિતીની વિગતો અત્રેના વિભાગને મળેલ. જે અનુસાર તેઓ કક્ષાએથી પત્ર નં. સા.ઝોન/ટેક./આ.નં.૩૦૧૪ તા.૮–૭–૦૮ અન્વયે તેઓના પત્ર નં. સા.ઝોન/ટેક./આ.નં.૧૦૫૬ તા.૬–૫–૦૮ ના રોજ માહિતી આપેલ તથા સા.ઝોન/ટેક./આ.નં.૧૪૭૬ તા.૨૧ –૫–૦૮ થી પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ અરજદારને પૂરી પાડયાનું જણાવેલ છે. જે અનુસાર સદર સોસાયટીમાં સીઓપી છોડવાનો રહેતો નથી તથા ગેરકાયદેસર કનેકશનનો પુરવઠો બંધ કરવામાં આવેલ છે. ગેરકાયદેસર કનેકશનો કયા પ્લમ્બર ધ્વારા થયા તેની વિગતો દફતર ઉપર હોઈ શકે નહી તેથી આપી શકાય તેમ નહી તેવું જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૦–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબની દફતરી માહિતી એ થી ઈ સુધીની જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ હોવાથી અપીલ બાબતે વિશેષ કંઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ભગવાન બી. પોકળે,